ગાંધીનગર એસ.ટી. બસ સ્ટેન્ડ કાયમ કોઈક ને કોઈક સમસ્યાઓથી ઘેરાયેલું જ રહ્યું છે, અને તેમાંય દ્વિચક્રી વાહન પાર્કિંગ માટેનો હંમેશા શિરદર્દ રહ્યો છે. પે-પાર્કિંગની વ્યવસ્થા ઉભી તો કરાઈ છે, પરંતુ તે નિયમો અમલ કરવો તે પણ અગત્યનું છે. ગમે ત્યાં ગમે ત્યારે આડેધડ બાઈકો મુકીને જતુ રહેવુ અને પોલીસ દ્વારા ક્યારેક રોકવામાં આવે તો 'મને ઓળખો છો ?' પોતાના સગા, અધિકારી અગર તો પોલીસ ખાતામાં છે તેમ હુલ આપતા વારંવાર જોવા મળે છે. ઘણા બાઈકસવારોનો એસ.ટી. ડેપો પ્રિમાઈસમાં પાર્કિંગ કરવામાં પોતાની શાન સમજે છે. બસોના અડોઅડ પાર્ક કરવામાં આવતા વાહનોને કારણે કોઈ મોટો અકસ્માત થશે ત્યારે ઘણું મોડુ થઈ ગયું હશે જરૂર છે સમજણની ફક્ત ભણતરની નહી.
(તસવીર : કશ્યપ નિમાવત)

બળાત્કાર-એટ્રોસીટીના કેસમાં આરોપીને આજીવન કેદની સજા

કીશોરીનું વાલીપણામાંથી અપહરણ કરી યુ.પી. લઈ ગયો હતો

ગાંધીનગર, તા.૨૯

કીશોરીને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરીને બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા. ૪ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૩ના રોજ જિલ્લાના નવા પાલજ ગામમાં રહેતા શેખરસિંહ ઉર્ફે શેરસિંહ જમનાપ્રસાદ રાજપૂતે કીશોરીને લલચાવી ફોસલાવી વાલીપણામાંથી તેનું અપહરણ કર્યું હતું. લગ્ન કરવાની લાલચ આપી આરોપી શેખરસિંહ કીશોરીને યુ.પી. લઈ ગયો હતો. આ દરમિયાન આરોપીએ તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો.

આ બનાવ સંદર્ભે ચિલોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ગાંધીનગરની એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનીલ એસ. પંડયાએ કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે આરોપીએ એકલતાનો લાભ લઈ કુમળી વયની કીશોરીનું લગ્ન કરવાની લાલચે અપહરણ કર્યું હતું. જયારે તેણીને યુપી લઈ જઈ મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યોછે. સમાજમાં આવા ગુન્હાઓ દિન પ્રતિદિન વધી રહ્યા છે. જેથી આરોપીને સખત સજા થવી જોઈએ. દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈ જજ આર.એ. ધોધારીએ આરોપીને બળાત્કાર તથા એટ્રોસીટીના કેસમાં આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે આ ઉપરાંત આરોપીને દંડ તેમજ દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

એસ.ટી. સહકારી મંડળી કૌભાંડનો કલાર્ક ઝડપાયો

રૂ. ૩.૪૨ કરોડની ઉચાપત કરવામાં આવી હતી : ચેરમેન હજુ ફરાર

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ડેપોમાં ચાલતી એસ.ટી. કામદારોની ધિરાણ અને સહકારી મંડળીના હિસાબી રેકર્ડમાં ચેડા કરીને રૂ. ૩.૪૨ કરોડની ઉચાપત અંગે મેનેજર, ચેરમેન અને કલાર્કસામે પોલીસ ફરિયાદ નોંધાવા પામી હતી. જે પૈકી મેનેજરની ધરપકડ બાદ પોલીસે કલાર્કને પણ દબોચી લીધો છે. રિમાન્ડ મેળવવા માટે પોલીસે તજવીજ શરુ કરી છે.

એસ.ટી. કામદારોની ધિરાણ અને સહકારી મંડળીમાંથી પેથાપુર ખાતે રહેતા મેનેજર પ્રકાશ બાલાસરા, સરગાસણના રહેવાસી ચેરમેન નવલસિંહ રાણા અને ચંદ્રાલામાં રહેતા મંડળીના કલાર્ક ગિરીશ પટેલ ત્રણેય શખ્સો સામે સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ત્રણેયે મળીને મંડળીના હિસાબી રેકર્ડમાં ચેકચાક કરી ખોટા પુરાવા ઉભા કરીને મંડળીના સભ્યો આગળ સાચા હોવાનું દર્શાવી રૂ. ૩.૪૨ કરોડની ઉચાપત કરી હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે. અઠવાડીયા પહેલા મંડળીના મેનેજર પ્રકાશ બાલાસરાની ધરપકડ કરવામાં આવી ત્યારબાદ હવે સે-૭ પોલીસે આ ગુનાના બીજો આરોપી ચંદ્રાલાના રહેવાસી કલાર્ક ગિરીશ પટેલની ધરપકડ કરી તેની પુછપરછ માટે રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે. આ કૌભાંડમાં ૯૦૦ ડ્રાઈવર-કંડકટરોના પૈસા ડુબી ગયા છે. ગુનાના ત્રીજા આરોપી ચેરમેનની ધરપકડ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

સે. ૨૮ બ્રહ્માકુમારી કેન્દ્ર આજથી ત્રણ માસ સુધી નગરમાં સફાઈ હાથ ધરશે

ગાંધીનગર, તા. ૨૯

સ્વચ્છ ભારત મિશન અભિયાન પુરા દેશમાં ચલાવવામાં આવી રહ્યું છે. તાલુકા જિલ્લા રાજ્ય અને દેશમાં સફાઈ અભિયાન હાથ ધરી કચરો સાફ કરવામાં આવી રહ્યો છે. મિશનમાં બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર, સેક્ટર-૨૮ આગામી ત્રણ માસ માટે સફાઈ અભિયાન હાથ ધરશે.અભિયાનનો શુભારંભ આજથી કરવામાં આવશે.

આજે રવિવારે સેક્ટર-૨૮ ઈન્ક્વાયરી ઓફિસ ખાતેથી સવારે ૮.૦૦ વાગે મિશનનો આરંભ કરવામાં આવશે. મુખ્ય મહેમાન તરીકે મહેન્દ્રસિંહ રાણા મેયર, અતિથિ વિશેષ તરીકે જી.આર. ચૌધરી કમિશનર, આશિષ દવે ચેરમેન, હર્ષજીત પંડ્યા કોર્પોરેટર ઉપસ્થિત રહેશે. સ્વચ્છ અભિયાન હેઠળ શહેરની ગલી-ગલી અને જાહેર સ્થળોએ પડેલા કચરાને સાફ કરવામાં આવશે.

અભિયાનમાં સેવાધારી ભાઈઓ અને બહેનોને સ્વચ્છતા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવશે. ત્યારે આજે સૂર્યના પ્રથમ કિરણથી લઈને બપોર સુધી સેક્ટર-૨૮માં સફાઈ હાથ ધરવામાં આવશે. જે આગામી ત્રણ મહિના સુધી ચાલશે.

રાંધેજામાં ઈંટોના ભઠ્ઠાના માલીક સામે ગુનો દાખલ

મજૂરો માટે શૌચાલય અને સ્વચ્છ પાણીની વ્યવસ્થા પણ રખાતી ન હતી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમના એએસઆઈ અશોકકુમાર તથા પો.કો. મહીપાલસિંહ, કિરીટભાઈ રાંધેજા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ઘૂંઘટ હોટલની સામે સ્થિત એસ.જી. ઈંટોના ભઠ્ઠા ઉપર જતાં ખુલ્લી જમીન પર ત્યાના મહિલા તથા પુરૂષો જાહેરમાં સ્નાન કરતાં નજરે ચઢ્યા હતા. ટીમે તપાસ કરતાં ધ્યાને આવ્યું કે ભઠ્ઠાના માલીક નારણભાઈ જેસીંગભાઈ પ્રજાપતિ દ્વારા મજૂરો માટે શૌચાલય અને સ્વચ્છ પાણીની સવલત પણ ઉભી કરી આપી ન હતી. જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ ભઠ્ઠાના માલીક સામે એલસીબીએ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાવોલ ગામની કિશોરી પર બળાત્કાર

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામના ચાર શખ્સોએ મળીને એક સગીર વયની કિશોરીનું વાલીપણામાંથી અપહરણ કરી સીએનજી રીક્ષામાં જુદી જુદી જગ્યાએ લઈ જઈ તે પૈકીના એક શખ્સે બળાત્કાર ગુજાર્યો હોવાની ફરીયાદ સે. ૭ પોલીસ મથકમાં નોંધાતા ચકચાર મચી જવા પામી છે. ભોગ બનનાર કિશોરીની માતાની ફરીયાદને આધારે સે. ૭ પોલીસ મથકના સિનિ. પી.આઈ. એલ.બી. મોણપુરાએ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

સુઘડ ગામની સામુદાયિક ખેતી સહકારી મંડળી લિ. ફડચામાં લઈ જવાઈ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના સુઘડ ગામની સામુદાયિક ખેતી સહકારી મંડળી લી.ને જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગરના હુકમથી ફડચામાં લઈ જવામાં આવી છે. ફડચા અધિકારીની નિમણુક કરવામાં આવી છે. ફડચા અધિકારીશ્રીએ પોતાનો ચાર્જ તા. ૧૭મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ સંભાળી લીધેલ છે. તો જે શખ્સો અથવા હિત સબંધ ધરાવનારાઓનું આ સંસ્થા પાસે જે કોઈ લેણું કે માગણું હોય તો આ જાહેર નોટીસ -સિધ્ધ થયાની તારીખથી એક માસમાં ફડચા અધિકારીશ્રીને રૂબરૂમાં તે અંગેના પુરાવાઓ સહિત નોધાવવું જો તેમ કરવામાં ચુકશે તો પાછળથી તેમનું લેણું કે, માગણું નોંધવામાં આવશે નહી, અને મંડળીના હિસાબી/વહીવટી દફતર -માણે મંડળીને આટોપી લેવાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવશે, તેવું જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગાંધીનગરના ફડચા અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

સે. ૨૧ હવેલીમાં દર્શનનો સમય બદલાયો

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેક્ટર-૨૧ ખાતે તા. ૧લી ડિસેમ્બરના રોજ સાંજના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઉત્થાપન ૩.૪૫ થી ૪.૫૦ મિનિટ સુધી સંધ્યા આરતી ૪.૧૫ થી ૪.૪૫ મિનિટ સુધી તેમજ શયન આરતી ૫.૪૫ થી ૬.૧૫ મિનિટ દરમિયાન કરવામાં આવશે.

ધોળાકુવા કુવાવાળા માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ધોળાકુવા ગામની પાવન ધરતી પર બિરાજેલ કુવાવાળા જોગણી માતાજીના ફોટાની પ્રાણ પ્રતિષ્ઠા અને નવચંડી યજ્ઞ મહોત્સવ યોજવામાં આવશે. તા. ૫ ડીસેમ્બર શનિવારના શુભ દિવસે માતાજીની શોભાયાત્રા સવારે ૯-૧૫ના શુભ મુર્હુતમાં નિકળશે તેમજ તા. ૬ ડીસેમ્બર સવારે ૮.૩૦ કલાકે નવચંડી યજ્ઞનો પ્રારંભ ધવલ ભાનુપ્રસાદ જાની કરાવશે. બપોરે ૧૨.૩૯ કલાકે જોગણી માતાજીના ફોટામાં પ્રાણ પુરી પ્રતિષ્ઠા કરાશે. બપોરે ૩-૦૦ વાગે માતાજીની ધજા ચડાવાશે. ૪.૧૫ કલાકે પૂર્ણાહુતી અને મહાઆરતી ૪.૩૦ વાગે કરવામાં આવશે. ત્યારબાદ ૫.૩૦ વાગે મહાપ્રસાદ લેવામાં આવશે. કુવાવાળા જોગણી માતાજીના મંદિર ધોળાકુવા તા.જી. ગાંધીનગર ખાતે રાત્રે ૯.૩૦ વાગે રાસ ગરબાની રમઝટ જામશે.

સેક્ટર-૧૧માં મહા રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સેક્ટર-૧૧માં આવેલ હોટલ પ્રેસિડેન્ટ છઠ્ઠા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. ત્યારે હરેન્દ્રસિંહ જાદવ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસયટી ગાંધીનગર દ્વારા મહારક્તદાન શિબિર યોજવામાં આવશે. આગામી ૧૪મી ડિસેમ્બર રવિવાર સવારે ૮.૩૦ થી બપોરના ૧.૩૦ સુધી હોટલ પ્રેસિડેન્ટ સેક્ટર-૧૧ ખાતે શિબિર યોજાશે. અમદાવાદ અને ગાંધીનગર સિવિલમાં આવતા દર્દીઓને રક્ત મળી રહે તે હેતુથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે નગરની જનતાને મોટી સંખ્યામાં રક્તદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ વિગત માટે હરેન્દ્રસિંહ જાદવ - ૯૯૯૮૭૦૪૫૩૭, જીલુભા ધાધલ- ૯૮૨૪૦૨૯૯૦૨ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

આરએન પ્રાથમિક શાળાના બાળકો પોસ્ટ ઓફિસની મુલાકાતે

વોટસએપ અને ફેસબુક સોશ્યલ મિડિયાના કારણે પોસ્ટ વિભાગ હાસિયામાં ધકેલાઈ જવા પામ્યો છે. ત્યારે પોસ્ટ વિભાગની કામગીરી કેવી હોય છે તેમજ પોસ્ટકાર્ડ, અંતરદેશી કવર, ટિકીટ સહિતની માહિતી શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ મુલાકાત કરી મેળવી હતી. સેક્ટર-૧૬ માં આવેલ પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્તર હિમાંશુભાઈ પ્રજાપતિએ પોસ્ટ વિભાગને લગતી માહિતી આપી બાળકોને વાકેફ કર્યા હતા. મુલાકાતમાં ધોરણ-૩ અને ૪ના ૧૫૬ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

વ્યાજખોરો સામે મની લેન્ડરીંગનો ગુનો દાખલ

સે-૧ ના યુવાને વ્યાજખોરોના ત્રાસથી દવા પી લીધી હતી

ગાંધીનગર, તા.૨૯

ઘ-૫ સર્કલ નજીક ત્રણેક દિવસ પહેલા વ્યાજખોરો દ્વારા સે-૧ ના યુવાનને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી જેને પગલે યુવાને ઝેરી દવા પી લેતા હોસ્પિટલમાં દાખલ કરવો પડયો હતો. દવા ગટગટાવી લેનાર યુવાનની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ત્રણ વ્યાજખોરો સામે મની લેન્ડરીંગ એકટ મુજબ ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

સેકટર-૧ ના રહેતા રિક્ષા ચાલક યુવાન વિનોદ ભાનુભાઈ ઝખવાડીયાએ વ્યાજે લીધેલા રૂ. ૫ હજારનું વ્યાજખોરો દ્વારા ભાડું વ્યાજ વસુલવામાં આવતું હતું. ત્રણેક દિવસ પહેલા તે યુવાનના દિકરા અને માતાની હાજરીમાં વ્યાજખોરોએ તેને જાહેરમાં મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા કંટાળીને તેણે દવા ગટગટાવી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ પ્રકરણમાં દવા પી લેનાર વિનોદની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગલા દેસાઈ, વિપુલ દેસાઈ અને અન્ય એક અજાણ્યા શખ્સ મળીને ત્રણ સામે મની લેન્ડરીંગ એકટ મુજબ ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

રેસ, રેઈન ઈન કેન્સર' દ્વારા મહિલાઓ માટેનો 'પેપ ટેસ્ટ' સેમિનાર યોજાયો

સમાજમાં કેન્સર અંગે લોગજાગૃતિ કેળવી, કેન્સરપીડિત મહિલાઓને જરૂરી સહાય, સહાનુભૂતિ અને માર્ગદર્શન પુરૂં પાડતી સ્વૈચ્છિક સંસ્થા 'રેસ, રેઈન ઈન કેન્સર' દ્વારા ગાંધીનગર ખાતે મહિલાઓ માટેનો 'પેપ ટેસ્ટ' સેમિનાર યોજાઈ ગયો. જેમાં નગરની ૪૨ જેટલી બહેનોના સાવ નજીવા દરે પેપ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ સેવાકીય અભિયાનમાં જાણીતા ગાયનેક ડૉ. નીતા શેખાત અને ડૉ. ઉર્વિ મહેતાએ માનદ સહયોગ પુરો પાડ્યો હતો. આયોજનમાં સંસ્થાના શ્રીમતિ માધુરીબેન શુક્લ, રાજેશભાઈ દેસાઈ, સુશીલાબેન રાઠોડ, યાત્રી રામી અને ગુલાબચંદ પટેલે જહેમત ઉઠાવી હતી. આગામી દિવસોમાં યોજાનાર મેમોગ્રાફીના મહત્વના સેમિનારમાં આર્થિક યોગદાન આપવા ઈચ્છુક દાતાઓએ મો. ૯૩૭૪૬ ૨૧૦૯૩ ઉપર માધુરીબેન શુક્લનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪
સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૪૭ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

ટીટ્રો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

કિલ/દીલ : ૪.૧૫

સ્ક્રીન-૩ :

મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦

કિલ/દીલ : ૧. ૦૦, ૧૦.૦૦

સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :

ઉંગલી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૦, ૫.૪૫, ૧૦.૪૫
ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૮.૨૦

: સ્ક્રીન-૨ :

ઉડી પેન્જીયસ : માડાગાસ્કર (અંગ્રેજી) : ૧૦.૧૦, ૧૨.૨૫, ૬.૦૦, ૮.૧૫
ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૧૦.૩૦
ઈન્ટરસ્ટેલર (અંગ્રેજી) : ૨.૪૦

સ્ક્રીન-૩ :

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૨.૦૫, ૨.૪૫
જીદ : ૫.૨૫, ૧૦.૫૫
ઝેડ પ્લસ : ૮.૦૫

સ્ક્રીન-૪ :

ઉંગલી : ૯.૦૦, ૪.૧૫, ૭.૨૦, ૯.૫૫
જીદ : ૧૧.૩૦
હેપ્પી એન્ડીંગ : ૨.૦૦

આપની આજ

મેષ : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

વૃષભ : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

મિથુન : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

કર્ક : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર-વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

સિંહ : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પાપ્તિનો યોગ.

કન્યા : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

તુલા : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

વૃશ્ચિક : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

ધન : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

મકર : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

કુંભ : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

મીન : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

ચિરવિદાય

- સ્વ. ગિજુભાઈ ગોરધનભાઈ ત્રિવેદી (ઉ.વ.૯૬) પ્લોટ નં. ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર
- સ્વ. ઠાકોર વિનુજી ગાંડાજી (ઉ.વ.૩૫) મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર